શ્રી રામચંદ્ર મીશન

ECHOES INDIA NEWSLETTER

## માસ્ટર વિષેના સમાચારો



### સંપાદકની નોંધ

આપણા પ્રિય માસ્ટર ચારીજીના દેહાવસાનના દુ:ખદ સમયમાંથી જ્યારે આપણે બહાર આવી ગયાં છીએ, ત્યારે આપણે 'તેમના' ઉત્તરાધિકારી આદરણીય કમલેશજી વિષે પણ જાણવા ઈચ્છીએ છીએ. ગુરુજીને_મળવાની રીતમાં બદલાવ લાવતાં, સાધનાને પ્રાથમિકતા આપતાં પોતે સાતત કાર્યશીલ રહી તેમણે જરાય સમય વેડફ્યો નથી. સહજ સંદેશાઓ દ્વારા આપવામાં આવતી તેમની અદ્યતન માહિતીઓ આપણા માટે રાહતજનક છે અને તે મિશન માટેના તેમના દૂરંદેશીપણાની ઝાંખી કરાવે છે. ફ્રાન્સની મુલાકાત અને ન્યુજર્સીમાં રાખવામાં આવેલાં સંમેલનોથી મિશનની કાર્યપ્રણાલીમાં ઘણા બદલાવ આવ્યા છે. ન્યુઝલેટરના આ પરિપત્રમાં અમે આ પ્રવાસ અને ન્યુજર્સીમાં આપેલાં તેમનાં વક્તવ્યો પર પ્રકાશ પાડીશું.

### મોન્ટપેલ્લિએર, ફ્રાન્સ– 7મી જાન્યુઆરી 2015

1લી જાન્યુઆરીએ, તદ્દન અણધાર્યા સમાચારો મળ્યા હતા અને તેમને આવકારવા માટે બને તેટલા વધારે સ્થાનિક અભ્યાસી ભાઈઓ અને બહેનો ભેગા થયા હતા. ચોવીસ કલાક પછી, ફ્રાન્સના બધા ભાગોમાંથી તેમના પરિવારો સાથે આવેલા અને પાડોશી દેશોમાંથી પણ આવેલા 800 અભ્યાસીઓ માટે ના સંમેલન માટે સ્થળ પ્રાપ્ત થયું હતું.

સવારે 7.30 વાગે કમલેશભાઈએ ત્રણ સત્સંગોમાંનો પહેલો સત્સંગ, ખૂબ જ પ્રાર્થનામય વાતાવરણમાં કરાવ્યો હતો. તે પછી તેમણે એમ કહીને આપણા માટે માર્ગનું આલેખન કર્યું હતું કે:

"... કૃપા કરીને, તમારી ભાવનાઓને દબાવશો નહીં. માસ્ટરનો વિચાર કરતી વખતે, જો કોઈ વાર તમે ખુશી અનુભવતા હોય, તો ખુશ થાઓ. તેમની ગેરહાજરી માટે જો તમને દુ:ખ થતું હોય, તો બે આંસુ સારવામાં કોઈ વાંધો નથી. ઉદાસીન, કૃતજ્ઞતાભર્યા અને પુલકિત હૃદયે આપણે હંમેશાં 'તેમને' યાદ કરવા જોઈએ. હવે તેમના સુધી પહોંચવું વધારે સહેલું છે અને તેઓ આપણી અંદર જ વિલીન થઈ ગયા છે. આપણી જાતને તેમની અંદર કેવી રીતે વિલીન કરવી તે હવે આપણી ઉપર નિર્ભર છે. આપણા બધા પર તેનો આધાર છે અને હું પ્રાર્થના કરું છું કે વિલીનીકરણની એ અવસ્થા આપણે જેટલી જલદી પ્રાપ્ત કરીએ તેટલું વધારે સારું છે. બાબુજી મહારાજ એ ઈચ્છે છે, માસ્ટર એ ઈચ્છે છે, ગુરુઓની પરંપરા એ ઈચ્છે છે–'તેમની વૈશ્વિક ઉપસ્થિતિ'માં એવી જ સંપૂર્ણ તન્મયતા તેઓ ઈચ્છે છે અને 'ભૂમા'માં પૂર્ણપણે લય થવું આને જ કહેવાય છે. પ્રાર્થનાઓ સહિત, આપ સૌનો આભાર."

પૂરતી સૂચના આપ્યા વિના આટલા બધા અભ્યાસીઓને ભેગા થયેલો જોઈને તેઓ ઘણા જ લાગણીવશ થઈ ગયા હતા. બધાએ ખુશ થઈ આભાર વ્યક્ત કર્યો હતો પણ તેમણે બધાને આ અદ્દભૂત દિવસ માટે મોટી સંખ્યામાં આવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો!



**મિશનમાં પોતાની ભાગીદારીને વધારે ગહન કરવા માટેનાં વિનંતી ભર્યાં સૂચનો:**

*રાત્રે નવ વાગે કરવાની વૈશ્વિક પ્રાર્થના– વિશ્વભરમાં બધા જ ભાઈઓ અને બહેનોના હૃદય પ્રેમ અને ભક્તિભાવથી ભરાઈ રહ્યા છે અને તેમનાં હૃદયોમાં સાચી શ્રદ્ધા વધારે દ્રઢ થઈ રહી છે.

*બધી જ બહેનો અને ભાઈઓમાં સાચો વિચાર, સાચી સમજ અને જીવન પ્રત્યે (પ્રમાણિક)સદાચારભર્યો અભિગમ વિકાસ પામી રહ્યો છે.

*આપણી આસપાસની દરેક વસ્તુ 'ઈશ્વરીય' સ્મરણમાં પૂરેપૂરી તલ્લીન છે.

*બધી જ બહેનો અને ભાઈઓ કે જેમનામાં અંતિમ લક્ષ્યને પામવા માટેની સાચી તડપ છે, તેઓ આપણા મહાન પ્રિય માસ્ટર તરફ આકર્ષિત થઈ રહ્યા છે. તે બધા જ તેમના તરફ ખેંચાઈ રહ્યા છે. આપણે આપણા માસ્ટરને પ્રાર્થના અર્પણ કરીએ છીએ કે, "ઈશ્વર કરે, તે બધાને તમારી કૃપાનો લાભ મળે."

30 અને 31 જાન્યુઆરીના રોજ મોનરો આશ્રમમાં આપેલા વકતવ્યના કેટલા અંશો. સંપૂર્ણ વકતવ્ય નીચેના એડ્રેસ પર ઉપલબ્ધ છે.
*http://www.sahajmarg.org/literature/online/speeches/newjersey-20150130*

## યુએસમાં ભંડારો

કમલેશભાઈની આધ્યાત્મિક માસ્ટર અને શ્રી રામચંદ્ર મિશનના અધ્યક્ષ તરીકેની તેમની નવી ભુમિકામાં 23થી 25જાન્યુઆરી, તેમની સાથે સમય વીતાવીને નોર્થ અમેરિકાના અભ્યાસીઓ ખૂબ જ ખુશ થઈ ગયા હતા. ન્યુજર્સીમાં પૂર્વ તૈયારી વિના રાખવામાં આવેલા વસંતપંચમીના ભંડારામાં સમગ્ર ખંડમાંથી આવેલા 1100થી વધારે અભ્યાસીઓ હાજર રહ્યા હતા. પચાસ સ્વયંસેવકોના જૂથે સાથે મળીને કાર્ય કર્યું હતું.

જે હોટેલમાં સંમેલન રાખવામાં આવ્યું હતું, તે હોટેલ ત્રણ દિવસ માટે આશ્રમ બની ગઈ હતી. તેનો વિશાળ નૃત્યખંડ, ઘણો જ મોકળાશવાળો અને સુરૂચિપૂર્ણ ધ્યાન કક્ષ બની ગયો હતો. કમલેશભાઈ ત્યાં રોકાયા હતા અને બહારથી આવેલા લગભગ બધા જ અભ્યાસીઓ પણ ત્યાં રોકાયા હતા.



શુક્રવારે સાંજે, 5 વાગ્યાના સત્સંગથી સંમેલનની શરુઆત થઈ હતી, તે પછી તેમના માસ્ટર, ચારીજીના આદેશથી નિષ્ઠાપૂર્ણ અભ્યાસની અગત્યતા માટે કમલેશભાઈએ હૃદયસ્પર્શી વકતવ્ય આપ્યું હતું. તેમાં તેમણે ઉલ્લેખ કર્યો હતો કે ચારીજી તેમની ડાયરીઓ લખવાની બાબતમાં ઘણા જ નિખાલસ હતા અને ખાસ કરીને તેમની પોતાની બાબતમાં સંપૂર્ણપણે પ્રામાણિક બનવાની અભ્યાસીઓને સલાહ આપતા હતા. વકતવ્યના અંતમાં, બધા જ અભ્યાસીઓને શુક્રવારના રાત્રીના 9 વાગ્યાની સીટીંગમાં એકત્રિત થવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

શનિવારે સવારે, વસંપંચમીના અવસરે, કમલેશભાઈએ 7.15 વાગે ટોરેન્ટો આશ્રમનું સ્કાયપ દ્વારા ઉદ્દઘાટન કર્યું હતું અને કેનેડાથી અને યુએસએમાંથી આવેલા બસો અભ્યાસીઓને ટોરેન્ટોમાં સંબોધિત કર્યા હતા, તે પછી અદ્દભૂત સીટીંગ આપી હતી.

રાત્રીના નવ વાગ્યાની સીટીંગ અને બીજા ટૂંકા વકતવ્ય પછી, આ વર્ષમાં થોડા દિવસ પછી લાલાજીના જીવન પર આધારિત પ્રકાશિત કરવામાં આવનારા નવા પુસ્તકની પૂર્વ–નોંધણીના ઓર્ડરો લેવા માટે રજીસ્ટ્રેશન ડેસ્ક પર કમલેશભાઈ થોડા કલાકો બેઠા હતા અને અભ્યાસીઓ સાથે હૂંફ, સરળતા અને રમૂજ સહિત પારસ્પરિક વાર્તાલાપ કર્યો હતો. ત્યાર પછી નોર્થ અમેરિકાથી આવેલા લગભગ 150 પ્રશિક્ષકોને તેઓ મળ્યા હતા, જ્યાં તેમણે ગુરુઓની પરંપરાએ મિશનમાં કેટલાક નવા બદલાવ લાવવા માટે આપેલી મંજૂરીનો ઉલ્લેખ કર્યો હતો, જે 'બ્રાઈટર વર્લ્ડ'માંથી આવેલા તાજેતરના સંદેશાઓમાં પણ દર્શાવવામાં આવ્યા છે.

બદલાતા સમયની સાથે રહીને, સરળ રીતે આકાંક્ષીઓ સુધી





પહોંચવાની અને તેમને ધ્યાન માટે અને તેમની જાતે જ પરિવર્તનો અનુભવવાની જરૂરિયાત વિષે પણ તેમણે જણાવ્યું હતું. તેમણે હાજર રહેલા બધા જ પ્રશિક્ષકોને સિટિંગ આપી હતી. આ પછી રાત્રિના આઠ વાગે નવા અભ્યાસીઓ સાથે તેમની મિટિંગ રાખવામાં આવી હતી. રાત્રિના નવ વાગ્યાના સત્સંગ સાથે દિવસ પૂરો થયો હતો.

રવિવારના સવારના સત્સંગ પછી કમલેશજીએ પ્રશ્નોત્તરી કાર્યક્રમનું આયોજન કર્યું હતું. દરેકે નવા માસ્ટર અને તેમના અભ્યાસીઓ વચ્ચે હૃદયથી હૃદયનું બંધન અનુભવ્યું હતું. તેમાં પ્રેમ, રમૂજ, ધૈર્ય, અને આનંદની સાથે સાથે ઊંડો અભ્યાસ અને અંર્તમુખીપણાના વિચાર દ્વારા માસ્ટર સાથેના સતત સંપર્કની વચનબધ્ધતા જણાતી હતી. જેમ જેમ કાર્યક્રમ આગળ વધતો ગયો, તેમ તેમ ઘણા અભ્યાસીઓએ કમલેશજીમાં ચારીજીનું સાચું પ્રતિબિંબ જોયું અને તેથી તેઓ એટલા હૃદયસ્પર્શી અને લાગણીશીલ થઈ ગયા હતા કે જ્યારે કાર્યક્રમ પૂરો થયો ત્યારે તેઓની આંખોમાં આંસુ હતાં. જ્યારે એક અભ્યાસીએ કહ્યું, “તે મેં મારા હૃદયમાં અનુભવ્યું છે. સાચે જ તેઓ (બંને) એક જ છે.”

તે સ્થળ છોડ્યા પછી, કમલેશજીએ સ્થાનિક સ્વયંસેવકો સાથે નજીકના મોન્રો આશ્રમની મુલાકાત લીધી હતી. ત્યાં તેમણે તેઓને સિટિંગ આપી હતી અને તેમના ઘરે પાછા જતાં પહેલાં, તેઓની સાથે બપોરનું ભોજન લીધું હતું.

## સહજ સંદેશમાંથી લેવામાં આવેલા અવતરણો

### 12 ફેબ્રુઆરી, 2015

ન્યુજર્સી, અમેરિકામાં, બે સેમિનાર દરમિયાન, અમે બધાંએ અદ્દભૂત સમય પસાર કર્યો હતો–એક 23 થી 25 જાન્યુઆરી સુધીનો અને બીજો 1 થી 3જી ફેબ્રુઆરી સુધીનો. બંને પ્રસંગો ખૂબ જ વિશિષ્ટ હતા. 27મી જાન્યુઆરીએ મારું પાછા ફરવાનું નક્કી જ હતું, પરંતુ કેટલાક કાર્યોના કારણે હું નીકળી શક્યો નહીં. ત્યાર બાદ મેં 4થી ફેબ્રુઆરીએ નીકળવાની ચોજના કરી હતી અને તે પણ ફ્લુના કારણે શક્ય બન્યું ન હતું.

સદ્દભાગ્યે, મારા સ્વાસ્થ્યમાં થયેલા નોંધપાત્ર સુધારાથી 9મી ફેબ્રુઆરીએ નીકળવાનું મારા માટે શક્ય બન્યું હતું અને હું 10મી ફેબ્રુઆરીએ રાત્રે મણપાક્કમ પહોંચ્યો હતો.

ન્યુજર્સીમાંના બંને સેમિનાર દરમિયાન, અમે સાધનાના ઘણા પાસાંઓની ચર્ચા કરી શક્યા હતા, જે હવે સહજ સંદેશ દ્વારા ઉપલબ્ધ કરવામાં આવે છે. ભલામણ કરવામાં આવેલા પ્રાર્થનામય સૂચનોનો અમલ મિશનમાં આપણો હિસ્સો ગહન બનાવશે અને મને ખાતરી છે કે આ પ્રાર્થનામય સૂચનોને જે લોકો અપનાવશેને, તેઓ ચોક્કસ હકારાત્મક પરિવર્તનના સાક્ષી બનશે.

અત્યારે બાબુજી મેમોરિયલ આશ્રમમાં, આપણી પાસે આઈએસેડબલ્યુના 25 ઉમેદવારો છે, જેઓ તેમના પોતાના ક્ષેત્રમાં પ્રશિક્ષકનું કાર્ય કરવા માટેની તાલીમ લઈ રહ્યા છે. આ કાર્યક્રમ 15મી ફેબ્રુઆરીએ પૂરો થવો જોઈએ, વધારામાં આપણી પાસે દક્ષિણ આફ્રીકાથી 100થી વધારે ભાગ લેનારાઓ છે અને તેમના માટે રાખવામાં આવેલો વિશિષ્ટ કાર્યક્રમ 14મી ફેબ્રુઆરી સુધી ચાલશે.

પ્રિય માલિકને પ્રેમ અને આશીર્વાદો માટેની પ્રાર્થના સહિત

કમલેશ ડી. પટેલ



“....તો, આ નાની બાબતના અંતે, મારે તમને જે નાની વાત કહેવાની છે તેનો સારાંશ ફક્ત એક જ છે. એક માસ્ટર સાથે જ ચેનલ રાખો, ફક્ત એક જ જોડાણ રાખો બસ. બીજી બધી જ વસ્તુઓ, આ ચેનલને ટેકો આપવા અને તેને મજબૂત બનાવવા માટે છે. તે સિવાયનું બીજું બધું આપણા પ્રયત્નોની ગુણવત્તામાં ઘટાડો કરે છે અથવા તો માસ્ટર સાથેના આપણા જોડાણને નબળું પાડે છે અથવા અશક્ત બનાવે છે, તે મારે બંધ કરવું જ જોઈએ, તે જ ડહાપણ છે અને આ સ્વીકારવા માટે મારે વસ્તુઓ વચ્ચે રહેલો તફાવત યોગ્ય રીતે સમજવા માટે સક્ષમ બનવું જ પડશે.”

કમલેશજી

2જી ફેબ્રુઆરી 2015, મોન્રો આશ્રમ.

શ્રી રામચંદ્ર મીશન

એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

# પૂજ્ય લાલાજી મહારાજના 142મા જન્મદિવસની ઉજવણીઓ

પૂજ્ય લાલાજી મહારાજના 142મા જન્મદિવસની ઉજવણી સમગ્ર ભારતના બધા જ આશ્રમોમાં ત્રણ દિવસના ભંડારા સ્વરૂપે કરવામાં આવી હતી. શિયાળાની ઠંડીગાર સવાર હોવા છતાં, આ શુભ પ્રસંગની ઉજવણી માટે નજીકના કેન્દ્રોમાંથી મોટી સંખ્યામાં અભ્યાસીઓ તેમની નજીકમાં આવેલા આશ્રમમાં ભેગા થયા હતા. આ દિવસો દરમિયાન આશ્રમો વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમી રહ્યા હતા. આ પ્રસંગે લાલાજી મહારાજના જીવન અને તેમના શિક્ષણ, વાતચીત વાતચીત કરવાના સિધ્ધાંત), ચરિત્ર નિર્માણ ઘડતર, આંતરિક ખોજ જેવા થોડા વિષયો ઉપર વકતવ્યો રાખવામાં આવ્યાં હતાં. બાળકો અને યુવાનોએ પણ આ પ્રસંગમાં લાલાજીના જીવન ઉપર લઘુ નાટિકાઓ, નૃત્યો અને ગીતો રજૂ કરીને સક્રિય ભાગ લીધો હતો અને આ ઉત્સવને રંગીન અને યાદગાર બનાવ્યો હતો. આ ભંડારો દરેક માટે ગુરુજીઓની દિવ્ય કૃપાનો આનંદ માણવાની એક તક હતી. એકોઝની ટીમે વિવિધ કેન્દ્રોમાં કરવામાં આવેલી ઉજવણી અંગેની માહિતિ મેળવી હતી. તેમાંથી આવા કેટલાક કેન્દ્રોના ફોટોઓ નીચે બતાવવામાં આવ્યા છે.


અલાહાબાદ


ભૂવનેશ્વર


જોધપુર


ઈરોડ


ગાઝીઆબાદ


કોલકાતા


જયપુર


સોનીપત


પાયાનુર


ખડગપુર


હુબલી


વડોદરા


મીરઠ


લખનૌ


મદુરાઈ


દિલ્હી


તિરુપુર

## યુ કનેક્ટ પ્રવૃત્તિઓ

સ્વ–વિકાસ અંગેના કાર્યક્રમો, મિશનની યુ કનેક્ટ પ્રવૃત્તિ હેઠળ સમગ્ર ભારતમાં પ્રસારિત કરવામાં આવી રહી છે અને વિશ્વના બીજા દેશોમાં આ પ્રવૃત્તિ અપ્રિલ 2013થી રજૂ કરવામાં આવી હતી. નવાં સૂચનો અને કાર્ય પધ્ધતિઓના તાજેતરના નવા પરિચયથી માસ્ટરના કાર્યમાં ભાગ લેવાની તકો વિસ્તૃત થઈ છે.

વિસ્તૃત થયેલી શક્યતાઓનો વિચાર કરીએ, તો કેટલાક પરિવર્તનો અસર માં આવશે. અમે યુ કનેક્ટ કો–ઓર્ડિનેટર્સ, ફેસિલિટેટર્સ અને સ્વયંસેવકોને પોતાની જાતને માહિતિથી સજ્જ રહેવાની વિનંતિ કરીએ છીએ. યુ કનેક્ટ પ્રવૃત્તિ, જે તે ક્ષેત્રના ઝોનલ ઈનચાર્જ અને સેન્ટર ઈનચાર્જ સાથે કાર્ય કરતા પ્રાદેશિક કો–ઓર્ડિનેટર્સ સાથે 15 ક્ષેત્રોમાં વિભાજીત થયેલી છે. અમે પણ મણપાક્કમમાં તાલીમ અને સતત સુધારા લાવવા માટે યુકનેક્ટ સહાય ટીમની રચના કરી છે. હાલમાં અમે તે માહિતિનો હિન્દીમાં અનુવાદ કરી રહ્યાં છીએ.

આ કાર્યમાં ભાગ લેવા માટે મહેરબાની કરીને અહીં સંપર્ક કરો:
http://www.sahajmarg.org/resources/programs/uconnect

છેલ્લા થોડા મહિનાઓમાં કેટલાક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, તેના કેટલાક મહત્ત્વના અંશો નીચે આપવામાં આવ્યા છે.

ગુજરાતના સુરતમાં, બે વર્ષ પહેલાં, પહેલો યુ કનેક્ટ કાર્યક્રમ ઉકા તરસાદિયા યુનિવર્સિટિના પ્રાંગણમાં શરૂ કરવામાં આવ્યો હતો. પહેલા સ્વ–વિકાસ કાર્યક્રમનું આયોજન તે યુનિવર્સિટિના 250 સભ્યો માટે કરવામાં આવ્યું હતું. અત્યાર સુધીમાં 100 કરતાં વધુ ફેકલ્ટી મેમ્બરોને ધ્યાનના પદ્ધતિસરના અભ્યાસ વિષે જાણકારી આપવામાં આવી છે. દર શનિવારે બપોરે લગભગ 30થી 40 સભ્યોએ સમૂહ ધ્યાનમાં ભાગ લીધો હતો. બે વર્ષના સમય દરમિયાન 8 કોલેજોમાં એસડીપીનું સંચાલન કરવામાં આવ્યું હતું. લગભગ 350 વિદ્યાર્થીઓને સહજ માર્ગ વિષે જાણકારી આપવામાં આવી હતી. શનિ–રવિ દરમિયાન વિદ્યાર્થીઓ માટે નાની ટૂકડીઓમાં સત્સંગ આયોજીત કરવામાં આવે છે. યુ કનેક્ટની પહેલ કરવા માટે ધ્યાન માટેની જગ્યાની જરૂરિયાતનું એક વચન યુનિવર્સિટિ દ્વારા આપવામાં આવ્યું હતું. તેના પરિણામરૂપે 17 જાન્યુઆરી, 2015ના રોજ ધ્યાનકેન્દ્રનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. અભ્યાસીઓએ તેમાં લાઈબ્રેરી પણ બનાવી છે. એસએચપીટી દ્વારા તાજેતરમાં આ લાઈબ્રેરીને પુસ્તકો દાન કરવામાં આવ્યાં હતાં.



સીલિગુરી

મહારાષ્ટ્રના પૂનામાં, 1લી જાન્યુઆરીના દિવસે, ઈન્ડિયન રેલ્વે ઈન્સ્ટીટ્યુટ્સ ઓફ સિવિલ એંજિન્યરિંગ, પૂના ખાતે ઈન્ડિયન રેલ્વે ઓફીસર્સ માટે, એક દિવસના વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મૂલ્યો અને સદ્દવ્યવહાર પર કેન્દ્રિત કાર્યક્રમનું સંચાલન, ભાઈ હર્ષલ જવાલે દ્વારા કરવામાં આવ્યું હતું.

મધ્યપ્રદેશના વિદિશામાં, 18મી જાન્યુઆરીએ ગવર્મેન્ટ ગર્લ્સ કોલેજમાં યુ કનેક્ટ ટીમે એસડીપી કાર્યક્રમની શરૂઆત કરી હતી, તેમાં 100 વિદ્યાર્થીઓએ અને 10 પ્રધ્યાપકોએ ભાગ લીધો હતો.

કેટલાક કાર્યક્રમો ચંદિગઢ, હરિયાણા, તામિલનાડુ, ઈન્દોર, રાજસ્થાન અને સિક્કિમમાં ચાલી રહ્યા છે. કેટલાક ક્ષેત્રોમાં પણ યુ કનેક્ટ ફેકલ્ટી ટ્રેનિંગ પ્રોગ્રામ ચાલી રહ્યો છે.




મલીબા



વિદિશા

શ્રી રામચંદ્ર મીશન એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

# ઓલ ઈન્ડિયા નિબંધ લેખન સ્પર્ધા 2014

આ વર્ષનો પ્રસંગ એસઆરસીએમ અને યુનાઈટેડ નેશનલ ઈન્ફોર્મેશન સેન્ટર, ભારત અને ભૂતાન વચ્ચેની દસ વર્ષની ભાગીદારીમાં ઓલ ઈન્ડિયા નિબંધ સ્પર્ધા રાઈટિંગ ઈવેન્ટ સંસ્થા દ્વારા આંતરરાષ્ટ્રિય યુવા દિવસ તરીકે યાદ રાખવા માટે અંકિત કરવામાં આવ્યું છે. પહેલા વિભાગ માટેનો વિષય(ધોરણ 9 થી 12 માટે)નું શેક્સ્પિયરના અવતરણમાંથી લેવામાં આવ્યુ હતુ : “આ બધાથી ઉપર છે: તારા પોતાના આત્માને વફાદાર બનો”. બીજા વિભાગ માટે (પૂર્વસ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે) એ જ મુદ્દા પર વિષય હતો : “સત્ય વક્તા બનવું એટલે જ માનવ બનવું” બંને વિભાગના ભાગ લેનારાઓ તેમના વિષયો માટે શોધ અને ચર્ચા કરવા માટે મુક્ત છે, પરંતુ તેમની પાસે તેમના પોતાના જ હસ્તાક્ષરમાં લખેલી મૂળ કૃતિઓ હોય તેવી અપેક્ષા રાખવામાં આવી છે. જો કે એસઆરસીએમ ઈચ્છુક સંસ્થાઓને અને તેમના વિદ્યાર્થીઓને આમંત્રણ આપે છે, તેનું લક્ષ્ય આંકડાઓ ઉપર ક્યારેય નથી, તેમ છતાં બંને વિભાગોમાં ભાગ લેનારાઓની સંખ્યા વરસો વરસ વધી રહી છે. આ વર્ષે, વિભાગ 1માં 9841 શાળાઓમાંથી 1,64,475 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને વિભાગ 2માં 2016 ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાંથી 21,276 કોલેજના વિદ્યાર્થીઓ સાથે કુલ 11,875 સંસ્થાઓમાંથી 1,85,751 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

પહેલી વખતે, બંને વિભાગોમાં પ્રથમ એવોર્ડ એક જ ભાષા–તેલુગુમાં જીતવામાં આવ્યો હતો. નંદયાલની ગુડ શેફર્ડ ઈંગ્લીશ મિડિયમ સ્કૂલ, 10મા ધોરણની વિદ્યાર્થીની એસ દિયા નિસ્સિ અને શ્રીકાકુલમની રાજીવ ગાંધી ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ, એમબીબીએસના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતો, તડી સુજોય કીરન, અનુક્રમે વિભાગ 1 અને 2ની વિજેતા ટ્રોફી જીત્યા હતા.

બંને પ્રથમ વિજેતાઓના નિબંધો એસઆરસીએમની વેબસાઈટ www.sahajmarg.org/essay-event પર મૂકવામાં આવ્યા છે, તેની સાથે બીજા વિજેતાઓના નિબંધોમાંથી પણ અવતરણો મૂકવામાં આવ્યા છે. પાછલા વર્ષોની જેમ, ઈનામ વિતરણની વિધિ એસઆરસીએમના વિવિધ કેન્દ્રોમાં રાખવામાં આવી હતી અને ઈનામ વિજેતાઓની સાથે સાથે હાજર રહેલા ઘણા વાલીઓ અને શિક્ષકોને મિશન વિષે જાણવાની તક આપવામાં આવી હતી.


જોધપુર


તિરુપુર


પાલી


લખનૌ


કોલકોતા


પટના


તિરુચિરાપલી


મૈસુર

શ્રી રામચંદ્ર મીશન

એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

## અખિલ ભારત નિબંધ લેખન સ્પર્ધાના ઈનામ વિતરણનો સમારંભ


અલાહાબાદ


બીકાનેર


બીજનોર



શ્રી ગંગાનગર



ઉજ્જૈન


ઓરંગાબાદ


પૈથાન


કોવિલપટ્ટી


ભાસાવકલ્યાન


વાલિયુર


હુબલી


અલુવા


ગુલબર્ગા


લાલપનીઆ


મદુરાઈ


નોર્થ પરાવુર


સીતાપુર


પલ્લગડ


મુંબઈ


સીલીગુરી


તીરુચેન્દુર



રાંચી

શ્રી રામચંદ્ર મીશન એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર





## યુવાનો માટેના કાર્યક્રમો

### વિશાખાપટ્ટનમ, આન્ધ્ર પ્રદેશ

17મી જાન્યુઆરીના રોજ, વિશાખાપટ્ટનમ કેન્દ્રએ "સાથે વિકાસ કરીએ" વિષય પર 50 યુવાનો માટે એક ઝોનલ સેમીનારનું આયોજન કર્યું હતું. ભાઈ આદિનારાયણે (ઝોન ઈન ચાર્જ, આન્ધ્ર પ્રદેશ) યુવાનોને તેમના અહંભાવથી સંપૂર્ણપણે મુક્ત થવાની સલાહ આપી હતી અને સેવા કરવાના મહત્વ પર ભાર મુક્યો હતો, જેનાથી પ્રેમનો વિકાસ થાય છે અને નિયમિત સાધના કરવા માટે તેમને પ્રોત્સાહિત કરે છે.

ભાગ લેનારાઓએ વકતવ્યો, રજૂઆતો અને યુવાનોને લગતા કેટલાક શ્રેષ્ઠ વ્હિસપર્સના સંદેશાને ધ્યાનથી સાંભળ્યા હતા. ટીમ બનાવવાની એક રસપ્રદ પ્રવૃતિમાં, તેઓને જૂથોમાં વિભાજીત કરવામાં આવ્યા હતા અને એક ટીમ તરીકે સોંપવામાં આવેલું કાર્ય પૂરું કર્યું હતું. ભોજન પછીના સત્રની સાથે સાથે વર્લ્ડ વાઈડ વેબીનાર રાખવામાં આવ્યું હતું જે બપોરના 3:30 વાગ્યા સુધી ચાલ્યું હતું. આ કાર્યક્રમે દુનિયાભરના અભ્યાસીઓ ઉન્નતિ કરવા માટે જરૂરી ગુણો કેવી રીતે વિકસાવે છે તે જાણવામાં રસ પેદા કર્યો હતો. આ કાર્યક્રમનું સમાપન સાંજના સત્સંગથી થયું હતું અને ભાઈ સપ્તમુકુલુએ છ મહિના પછી આયોજીત થનાર બીજા સેમિનારમાં ભાગ લેવા યુવાનોને આમંત્રણ આપ્યું હતું.

### હલ્દવાની આશ્રમ, ઉત્તરાખંડ

24 થી 26 જાન્યુઆરી દરમિયાન હલ્દવાની આશ્રમમાં "પવિત્રતા પ્રારબ્ધ ઘડે છે" વિષય પર આયોજીત સેમિનારમાં તે પ્રદેશના 82 યુવાનોએ ભાગ લીધો હતો. 24મીએ સાંજે આ સેમિનારની શરૂઆત પ્રગટાવેલી હોળી અને સુંદરતાપૂર્વક શણગારેલા આશ્રમમાં માંગલિક રીતે થઈ હતી. 25મીએ સવારે, ભાઈ ચુફલે (ઝોન ઈન ચાર્જ) જૂથને સંબોધન કર્યું હતું. બપોરના ભોજન બાદ, ખૂબ જ જાણીતા ફોટોગ્રાફર અને પર્વતારોહક શ્રી અનુપ શાહ દ્વારા હોબી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, આપેલું કોઈપણ કાર્ય કરવા માટે જવાબદારી, પ્રેમ અને ગંભીરતા જેવી બાબતોનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ વિષય દૈનિક સાધના પ્રત્યેની જવાબદારી અને ચારિત્ર ઘડતરની જરૂરીયાત પર અને જેમ જેમ વ્યક્તિ ઉન્નતિ કરે છે તેમ તેમ વ્યક્તિત્વમાં થતા વિવિધ બદલાવ સમજવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ આશ્રમ બાંધવામાં આવ્યો હતો તેના વિડિઓ સહિત એક સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, ત્યારબાદ સંત કબીરની જિંદગી પર એક નાટક ભજવવામાં આવ્યું હતું. ત્યારબાદ અરસપરસ વાતચિતનું સત્ર હતું. 26મી જાન્યુઆરીના રોજ, ધ્વજ વંદન, વિદાયને લગતું સંબોધન, વિચારોનું આદાન પ્રદાન અને ભવિષ્યમાં આવા બીજા કાર્યક્રમોનું આયોજન કરવા માટેના સૂચનો આપવામાં આવ્યા હતા.

### કોલર આશ્રમની મુલાકાત, કર્ણાટક

8મી ફેબ્રુઆરીના રોજ બનાશંકરી આશ્રમના 21 યુવાનો કોલર આશ્રમ પહોંચ્યા હતા. બેંગ્લોરના આ જૂથ સિવાય, કોલર આશ્રમના બીજા 10 યુવાનો અને કુપ્પમ કેન્દ્રનું એક જૂથ પણ આ પ્રવૃતિઓમાં ભાગ લેવા માટે જોડાયું હતું.

એકબીજાના પરિચયની પ્રવૃતિ બાદ મિશનને લગતા પ્રશ્નો આધારિત ક્રોસવર્ડના કોયડાને ઉકેલવા માટે ભાગ લેનારાઓને ટીમમાં વિભાજીત કરવામાં આવ્યા હતા. લક્ષ્ય પર આત્મનિરીક્ષણનું સત્ર અને તેમના લક્ષ્યોની તરફ જવા માટે નવી વિચારસરણીની જરૂરીયાત બાબતે ચર્ચા કરવામાં આવી હતી. હાલમાં, માનનીય કમલેશજીએ આપેલા ચાર સૂચનોનો અમલ કઈ રીતે કરવો તેની ટૂંકમાં સમજણ પણ આપવામાં આવી હતી. મિશનની સફળતા માટે કેટલાક મૂળ તત્વની માહિતીની જાણકારી આપતી ટ્રેઝર હંટ રમત રમાડવામાં આવી હતી. બપોરના ભોજન બાદ સ્થાનિક અભ્યાસીઓની પ્રેમાળ સંભાળમાં આ આશ્રમમાં સમય પસાર કરીને ખુશ થયેલું જૂથ બેંગ્લોર જવા રવાના થયું હતું.





## શિયાળુ કેમ્પ, અમદાવાદ, ગુજરાત

24મી થી 26મી જાન્યુઆરી દરમિયાન અમદાવાદના અડાલજ યોગાશ્રમ ખાતે બાળકો માટે ત્રણ દિવસના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. 24મીએ કેમ્પની શરૂઆત સ્વાગત પ્રવચનથી કરવામાં આવી હતી જેમાં બાળકોએ પોતાની ઓળખાણ "ખુશી"ની રમત દ્વારા કરાવી હતી, તે સંદેશો આપે છે કે, "બીજાઓને ખુશી આપો, તો તમને તમારી ખુશી મળશે". ત્યાર બાદ, બાળકોને ડુંગળીનું ધરૂ કેવી રીતે રોપવું તે શિખવવામાં આવ્યું. તેના પછી પ્રશ્નોત્તરી અને સોફ્ટ કૌશલ્યને શિખવતો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સ્વ-બચાવ, આરોગ્યપ્રદ આહાર અને સ્વસ્થ રહેવા માટે સલાહ આપતો ખાસ કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. રાત્રીના ભોજન બાદ, બાળકોએ તાપણું પ્રગટાવીને તેની આસપાસ ગીતો અને નૃત્યનો આનંદ માણ્યો હતો. બીજા દિવસે, બાળકોને ડો. વિક્રમ સારભાઈ કોમ્યુનીટી કેન્દ્ર પર લઈ જવામાં આવ્યા હતા. સાંજે, આશ્રમમાં પાછા ફર્યા બાદ, બાળકોએ કેટલાક સાંસ્કૃતિક કાર્યક્રમો અને રમતોને રજૂ કરી હતી. 26મી જાન્યુઆરીના દિવસે પ્રજાસત્તાક દિન ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. ધ્વજ વંદન, રાષ્ટ્રગીત, અને દેશ ભક્તિનાં ગીતો ગાયાં હતા, બપોરના ભોજન બાદ, બાળકોએ મિત્રો બનાવ્યા હતા, નવા કૌશલ્ય શીખ્યા હતા, પોતાની પ્રતિભા પ્રદર્શિત કરી હતી તથા મઝા માણી હતી. ઈનામોની વહેંચણીથી કાર્યક્રમ સમાપ્ત કરવામાં આવ્યો હતો.

## વાર્ષિક દિનની ઉજવણી, કોલકોતા

કોલકાતાના બાબુજી મેમોરીયલ આશ્રમનું ઉદ્‌ઘાટન ચારીજી મહારાજ દ્વારા 24મી ડીસેમ્બર, 2003ના રોજ કરવામાં આવ્યું હતું. ખાસ કરીને બાળકો માટે રમતો અને ગમ્મતભરી પ્રવૃત્તિઓનું આયોજન કરીને હૃદયમાં સ્થાન પામેલા આ દિવસને કેન્દ્રમાં ઘણાં વર્ષો સુધી વાર્ષિક દિન તરીકે ઉજવ્યો હતો. આ વર્ષે આની ઉજવણી 18મી જાન્યુઆરીના રોજ કરવામાં આવી હતી.

બાળકો અને યુવા કેન્દ્રના સ્વયંસેવકોએ યોજના બનાવી હતી અને બાળકોને વય મુજબ વર્ગોમાં અને શ્રેણીઓમાં વહેંચીને, લગભગ 32 જેટલા પ્રસંગોનું સંચાલન કર્યું હતું.

જ્યારે યુવાનો અને વૃધ્ધોએ વિવિધ હરિફાઈનો આનંદ માણ્યો હતો અને વધારે વયસ્ક અભ્યાસીઓએ બીજી અન્ય રમતોનો આનંદ લીધો હતો જેમાં તેઓને દોડવાનું ન હતું. મોટા ભાગની રમતોને મુલ્યો અને બીજા ઈચ્છનીય ગુણોના પાસાઓ ઉપર વિચારપૂર્વક ઘડવામાં આવી હતી, અને અભ્યાસીઓને આ રમતોને રમવા માટે સાધનાના પાસાઓને લગતી રમતો રમવાની તક મળી હતી. આ દિવસે, બધાને આશ્રમના દિવ્ય વાતાવરણમાં રહેવાની અને પ્રેમપૂર્વક ભાઈચારાથી આનંદ કરવાની તક મળી હતી, દરેક જણે એકબીજાને પ્રોત્સાહિત કરીને, શ્રેષ્ઠ પ્રયત્નો કર્યા હતા.

## ઝોનલ મિટીંગ, હરિયાણા

સોનપત આશ્રમ ખાતે, 8મી ફેબ્રુઆરીના રોજ, ડો. સત્ય એન મંડલ (ઝેડ.આઈ.સી ઝોન 21) દ્વારા ઝોનલ મિટીંગ રાખવામાં આવી હતી. તેમાં 37 પ્રશિક્ષકો, કો-ઓર્ડીનેટર, ફેસીલીટેટરર્સ, સ્વયંસેવકો અને હરિયાણાના કેન્દ્રોના સી આઈ સીઓએ હાજરી આપી હતી. ઝેડ આઈ સી, અને કો-ઓર્ડીનેટર તથા ચોક્કસ વિસ્તારના પ્રશિક્ષકો માટે, કેન્દ્રની લગતી પ્રવૃત્તિઓની સ્થિતિના હેવાલ પર તથા તેઓના કો-ઓર્ડીનેટર પોતાના કેન્દ્રોએ કરેલી પ્રગતિ અને સાથોસાથ વર્ષ 2014 દરમિયાન તેઓએ અનુભવેલી મુશ્કેલીઓ પર પ્રકાશ નાખીને રજૂઆત કરી હતી. માસ્ટરે પાણીપત અને રોહતક ખાતે આશ્રમાની સુવિધાને મંજૂર કરી છે તે જાણીને હાજર રહેલા તમામ અભ્યાસી ભાઈઓ તથા બહેનો ખુશીથી ભાવવિભોર થઈ ગયા હતા. ત્યાં બાંધકામ પ્રવૃત્તિ ટુંક સમયમાં શરૂ થવાની છે. દરેક ક્ષેત્રમાં અનુભવાતી મુશ્કેલીઓ પર ચર્ચા કરવામાં આવી હતી અને સમસ્યાઓના નિરાકરણ માટે પ્રબંધ કરવામાં આવ્યો હતો. બેઠકમાં હાજર રહેલા તમામ 37 વ્યક્તિઓએ ગત વર્ષમાં હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓ ઉપર તેમનો પ્રતિસાદ આપ્યો હતો. ત્યાર બાદ, ઝોનમાં કરવામાં આવી રહેલી "યુ-કનેક્ટ" પ્રવૃત્તિ ઉપર ટુંકમાં રજૂઆત કરવામાં આવી હતી.



શ્રી રામચંદ્ર મીશન એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

# સમાચારો સંક્ષિપ્તમાં

## જયપુર, તેલંગણા



10મી અને 11મી જાન્યુઆરી દરમિયાન જયપુર આશ્રમ ખાતે આયોજીત કરવામાં આવેલા બે દિવસીય આત્મ નિરિક્ષણના કાર્યક્રમમાં પાંત્રીસ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં "તેમની દિર્ઘદ્રષ્ટિ ભાગ લેવો" અને "તેમના દિર્ઘદ્રષ્ટિને પરિપૂર્ણ કરવી" વિષયો આવરી લેવામાં આવ્યા હતા. માસ્ટરે તાજેતરમાં આપેલા પ્રવચનોના અગત્યના મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા હતા. ફેસીલીટેટરોએ પણ તેમના અનુભવો કહ્યા હતા અને નવેમ્બરમાં મણાપક્કમ આશ્રમ ખાતે યોજાયેલા અખિલ ભારતીય યુવા સંમેલનના પરિસંવાદમાંથી લીધેલા કેટલાક અગત્યના મુદ્દાઓનું, આદાન–પ્રદાન કર્યું.



## ચીકમંગલુર, કર્ણાટક



11મી જાન્યુઆરી, રવિવારના દિવસે, ચીકમંગલુર કેંન્દ્ર ખાતે એક પારિવારિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ અભ્યાસીઓએ તેમના પરિવાર સાથે ભાગ લીધો હતો અને તેમાં આયોજીત કરવામાં આવેલી રમતોમાં બધાએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિજેતાઓને ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા.

## તિરૂપુર, તામિલનાડુ

25મી જાન્યુઆરીના રોજ, ચેટ્ટીપલાયમ આશ્રમ ખાતે હિંદીમાં દસ નિયમો ઉપર એક દિવસીય કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. તેમાં 47 અભ્યાસીઓએ હાજરી આપી હતી. તે જ કાર્યક્રમ 26મી અને 27મી જાન્યુઆરીએ અંગ્રેજીમાં રાખવામાં આવ્યો હતો અને તેમાં તિરૂપુર, શોલાવંદન, અને બેંગ્લોર કેંન્દ્રના 57 અભ્યાસીઓ હાજર રહ્યા હતા. દરેક નિયમને વિગતવાર આવરી લેવામાં આવ્યો હતો. દરરોજ સાંજે પ્રશ્નોત્તરી અને અનુભવોના આદાન–પ્રદાનનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ સત્રો દરમિયાન, રોજબરોજના જીવનમાં દસ નિયમોને લગતી ઘણી શંકાઓનું સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું હતું.

## ગુલબર્ગા, ઉત્તર કર્ણાટક



આપણા સમાજના યુવાનોની વર્તમાન પરિસ્થિતિને લગતી બાબતોમાં અને તેમની પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે તેઓ જે ભૂમિકા ભજવી શકે તેમ છે તેમાં સભાનતા પેદા કરવા, 13મી જાન્યુઆરીએ અપ્પા પબ્લીક શાળામાં રાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી કરવામાં આવી હતી. ડો. ગજેન્દ્ર સિંગ (ઝેડ આઈ સી ઝોન 4એ) અને ભાઈ શ્રીકાંત જોશીને મહેમાનો તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. ડો. ગજેન્દ્ર સિંગે યુવાઓને તેમના જીવનની તમામ પરિસ્થિતિઓ તેમના હૃદયને રજૂ કરવા માટે જણાવ્યું હતું કારણ કે હૃદય પ્રેમ અને પ્રેરણાનું સ્ત્રોત છે. 200 કરતાં વધારે વિદ્યાર્થીઓ આ પ્રસંગે શિક્ષકો અને કર્મચારીગણ સાથે હાજર રહ્યા હતા.

# ઓપન હાઉસના સત્રો

## સિર્સી, ઉત્તર કર્ણાટક



24મી જાન્યુઆરીના રોજ ફોરેસ્ટ કોલેજ ખાતે આ સત્રનું સંચાલન કરવામાં આવ્યું હતું તેમાં કોલેજના વિદ્યાર્થીઓ અને કર્મચારીગણ સહિત પચાસ આકાંક્ષીઓએ ભાગ લીધો હતો. તેમાંથી 21 આકાંક્ષીઓએ પ્રારંભિક બેઠકો લીધી હતી. 26મી જાન્યુઆરીના રોજ, હોર્ટિકલ્ચર કોલેજ ખાતે રાખવામાં આવેલ સત્રમાં 16 આકાંક્ષીઓએ સાધના શરૂ કરવાની તૈયારી વ્યક્ત કરી હતી.

.



## ખડગપુર. પશ્ચિમ બંગાળ

25મી જાન્યુઆરીએ સંચાલન કરવામાં આવેલા સત્રમાં, હાજર રહેલા 60 આકાંક્ષીઓમાંથી, પ્રસંગના અંતે, 30 આકાંક્ષીઓએ સાધના શરૂ કરવામાં તેમની રૂચિ વ્યક્ત કરી હતી.

## મૂલ્યોનો શૈક્ષણિક કાર્યક્રમ

8 સેન્ટરની લગભગ 15 શાળાઓમાં શૈક્ષણિક વર્ષ 2014–15 માટે એસએચપીટી દ્વારા નવા સ્વરૂપમાં મૂલ્યોનો શૈક્ષણિક કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. વધારે સેન્ટરો અને શાળાઓમાં આવનાર વર્ષ માટે આ કાર્યક્રમ શરૂ કરવા માટે આ અનુભવ ઘણો પ્રેરણાદાયી રહ્યો હતો. મળેલા પ્રતિસાદના આધારે અભ્યાસક્રમ સુધારવામાં આવશે અને ભાગ લેનાર બધા જ સેન્ટરો આવશ્યક તાલીમ મેળવશે. તમારા વિસ્તારમાં મૂલ્ય શિક્ષણમાં ભાગ લેવા અને તેમાં સ્વયંસેવકોને સેવા આપવા માટે કૃપા કરીને સંપર્ક કરો. http://www.sahajmarg.org/resources/programs/values-education.

### ત્રીચી સેન્ટર, તમિલનાડુ



શૈક્ષણિક વર્ષ 2014–15 દરમિયાન શ્રી શિવનંદા બાલલયા સ્કૂલમાં ઉચ્ચ માધ્યમિક વિદ્યાર્થીઓ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેની શરૂઆત 3જી જૂન, 2014નાં રોજ પ્રારંભિક સત્રથી કરવામાં આવી હતી. મુખ્યત્વે પ્રવૃત્તિઓ, વાર્તાઓ અને વીડીયો કલીપ પર આધારિત હોવાથી વિદ્યાર્થીઓએ વર્ગોમાં ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી. જીવન કૌશલ્યોને સારી રીતે સમજવા માટે બાળકો અને ફેસીલીટેટર બંનેને આત્મનિરીક્ષણના સત્રો મદદ મળી હતી. ચારિત્ર્ય નિર્માણ અંગે ફેસીલીટેટરને બાળકો સાથે ઘણો સારો અનુભવ થયો હતો. 7મી ફેબ્રુઆરી, 2015નાં રોજ કાર્યક્રમ પૂર્ણ થયો હતો. આ સત્રો પછી વિદ્યાર્થીઓ અને શિક્ષકો અત્યંત ખુશ થઈ ગયા હતા અને તેમણે હકારાત્મક બદલાવ અનુભવ્યો હતો તેમજ તેઓ આવનાર શૈક્ષણિક વર્ષ માટે પણ આ વિષયને સ્વીકારવા તૈયાર થઈ ગયા છે.

## નવા પ્રકાશનો




દસ નિયમો પર સમાલોચના બંગાળી




દસ નિયમો પર સમાલોચના અને એફીકસી ઓફ રાજયોગા રશીયન – ઓડીયોબુક




વ્હીસપર્સ ફ્રોમ ધ બ્રાઈટર વર્લ્ડ, સ્પેનીશ – ઓડીયોબુક

વ્હીસપર્સ ફ્રોમ ધ બ્રાઈટર વર્લ્ડ – ફીફથ રીવીલેશન ફ્રેંચ




### કોન્સ્ટંટ રીમેમબરન્સ – અંગ્રેજી

જાન્યુઆરીનો આ અંક, આપણા ગુરુજી, ચારીજી મહારાજનાં કાર્ય અને જીવનનાં સ્મરણોને તાજો રાખતો વિશેષ અંક છે. બધાં જ સભ્યોને આ કોપી મળશે, વધારામાં વેચાણ માટે આ અંક બુકસ્ટોલ અને કોર્પસ સેકશન ખાતેથી મળશે.

### જાહેરાત

પૂજ્ય બાબુજી મહારાજના જન્મદિવસની ઉજવણી લખનૌ, યુ.પી., ભારત ખાતે 29 એપ્રિલથી 1 મે, 2015 સુધી યોજાનાર છે.

આપણા પ્રિય ચારીજી મહારાજના જન્મદિવસની ઉજવણી તિરુવલ્લુર, તમિલનાડુ, ભારત ખાતે 23મી જુલાઈ થી 25મી જુલાઈ 2015 સુધી યોજાનાર છે.

શ્રી રામચંદ્ર મીશન

એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

# લય યોગાશ્રમ, વારાણસી, ઉત્તરપ્રદેશ

## પ્રકાશનું કેન્દ્ર





2001માં, માસ્ટરે દિલ્હીની લીધેલી મુલાકાત દરમિયાન, ગુરુજીએ ડો.પ્રસન્ના કુમાર(સીઆઈસી)ને સારનાથ ખાતે આશ્રમ બાંધવા માટે અલગ જગ્યા શોધવાનો ઉલ્લેખ કર્યો હતો. 5મી જુલાઈ 2001માં, ત્યારના સીઆઈસી ડો.પ્રસન્ના કુમાર દ્વારા શ્રી રામચંદ્ર મિશનના નામે 5438 ચો.ફૂટની જગ્યાની નોંધણી કરવામાં આવી હતી. માસ્ટરે વારાણસી સેન્ટરની મુલાકાત 16મી ડીસેમ્બર, 2001ના રોજ લીધી હતી અને આશ્રમની સ્થાપના કરી હતી અને હંગામી ધ્યાન કક્ષનું ઉદ્‌ઘાટન કર્યું હતું. 2005માં, માસ્ટરે નવા ધ્યાનકક્ષના બાંધકામ માટે મૂકવામાં આવેલી દરખાસ્ત મંજૂર કરી હતી અને 16મી ફેબ્રુઆરી 2006માં, શિલાન્યાસ કર્યો હતો.

આશ્રમના નકશાની મંજૂરી મેળવતાં અને ભંડોર ઊભું કરવામાં બીજા ચાર વર્ષ લાગ્યાં હતાં. નવા ધ્યાનકક્ષના બાંધકામની શરૂઆત 2જી નવેમ્બર 2009માં, ભાઈ યુ.એસ. બાજપાઈની હાજરીમાં કરવામાં આવી હતી. ટોચ પર કમળવાળો અષ્ટકોણ આશ્રમ, મે 2011માં તૈયાર થઈ ગયો હતો. 4થી ડીસેમ્બર 2011માં માસ્ટરે તેનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને વિડિયો લીંક દ્વારા ચેન્નઈથી ધ્યાનકક્ષને સમર્પિત કર્યો હતો. આ માંગલિક પ્રસંગે લગભગ 1000 અભ્યાસીઓ હાજર રહ્યા હતા.

> *સહજ માર્ગ પ્રેમનો માર્ગ છે. આ જગ્યાનો ઉપયોગ આપણે આપણા આધ્યાત્મિક વિકાસ માટે કરવો જોઈએ. સહજ માર્ગમાં ધિક્કારને કોઈ સ્થાન નથી.*
>
> –પાર્થસારથી રાજગોપાલાચારી
>
> 4થી ડીસેમ્બર 2011, ચેન્નઈ

### પ્રવૃત્તિઓ

ઝોનલ સ્તરે યુથ વર્કશોપ, વીબીએસઈ વર્કશોપ, જીઆઈટીપી વર્કશોપ, વગેરેનું આયોજન આ આશ્રમમાં થાય છે. છેલ્લા દસ વર્ષથી સેન્ટરમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

હાલમાં આ સેન્ટરમાં 1,352 અભ્યાસીઓની સંખ્યા છે અને લગભગ 325 અભ્યાસીઓ નિયમિત રીતે રવિવારના સત્સંગોમાં આવે છે.

આ આશ્રમમાં જમવાનો હોલ, ગુરુજીનું કાર્યાલય, મહેમાનો માટેનો કક્ષ, લાયબ્રેરી, આઈ.ટી. રૂમ, એકાઉન્ટ કાર્યાલય, જીઆઈટીપી તાલીમ હોલ, આશ્રમ કાર્યાલય, ડોર્મેટરી, બગીચો, બાળકો માટે સેન્ટર અને કેરટેકર રૂમ જેવી સુવિધાઓ પણ આશ્રમમાં ઉપલબ્ધ છે.







To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org

© 2015 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. “Shri Ram Chandra Mission", "Sahaj Marg", “SRCM”, “Constant Remembrance” and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.